જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૧૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૮૬૫૯	૭૨	૬૮૭૩૧	૬૮૭૩૧	૯૩	૬૯૫૯૭
કુલ		૮૫૧૩૫	૭૨	૮૫૨૦૭	૯૩૮૯૪	૯૩	૯૩૯૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૩	૩,૧૫,૯૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૩૩	૮,૩૩,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૧૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૬૮ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૧૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૨૦/૨૦૨૧**

રામોલઃ એરીક સુરેશભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. જય સોમનાથ સોસાયટી ગોપી ડેરી પાસે વસ્ત્રાલ) એ તા.૨૦/૦૮/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે એરીક પટેલે ઓનલાઇન બુટ મંગાવેલ હોય જે શુઝ સમય મર્યાદામા ન આવતા ઓર્ડર કેન્સલ કરવા માટે તા.૧૭/૦૮/૨૦૨૦ ના રોજ ગુગલમાં ટાટા ક્લીક કસ્ટમર કેર નંબર સર્ચ કરતા મોબાઇલ નંબર ૯૦૨૯૧૦૮૨૮૨ મળેલ જે નંબર ઉપર સંપર્ક કરતા ઓર્ડર કેન્સલ થયેલ છે તેવુ રેકોર્ડીંગ સાંભળવા મળેલ ત્યારબાદ મોબાઇલ નંબર ૯૩૩૭૭૧૦૧૯૭ ના ધારકે એરીક પટેલને ફોન કરી ટાટા ક્લીક કસ્ટમર કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી બુટના પૈસા રીફન્ડ કરવા પ્રોસેસ માટે એરીક પટેલના મોબાઈલમાં ક્વીક સ્પોર્ટ ટીમ વ્યુવર નામની એપ્લીકેશન ડાઉનલોડ કરાવી જેમાં રૂપિયા ૪૯/- રીચાર્જ કરવાનુ કહી એરીક પટેલના બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂપિયા ૧,૧૯,૯૯૪/- ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એસ.દવે ચલાવે છે.

શાહપુરઃ શૈલેષભાઇ ગોવિંદલાલ શ્રીમાળી (ઉ.વ.૬૫) (રહે. બુખારાની પોળ ભોલેનાથ મંદીર પાસે ભોંયવાડા શાહપુર) એ તા.૨૦/૦૮/૨૦૨૧ ના રોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૦૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) નરસિંહભાઇ ડાહ્યાભાઇ શ્રીમાળી (૨) અશ્વીનભાઇ નરસિંહભાઇ શ્રીમાળી (બંને રહે. જોગણીમાતાના મંદીરની બાજુમા કુવા પાસે ભોંયવાડા શાહપુર) અને (૩) અરવિંદભાઇ ઉર્ફે વાસુ નરસિંહભાઇ શ્રીમાળી (રહે. બી બ્લોક સ્ટેડીયમ પ્લાઝા સોસાયટી મોટેરા રોડ) એ ભેગા મળી શૈલેષભાઈ શ્રીમાળી પાસેથી ઉછીના પૈસાની માંગણી કરતા શૈલેષભાઈ શ્રીમાળીએ સંબંધી હોવાથી રૂપિયા ૨૦,૯૨,૦૦૦/- ઉછીના આપ્યા હતા. ત્યારબાદ લીધેલ પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

સેટેલાઈટઃ અંકિતભાઇ દિનેશભાઇ શાહ (ઉ.વ.૪૩) (રહે. શીતવન સોસાયટી ભુદરપુરા રોડ આંબાવાડી એલીસબ્રીજ) એ તા.૨૦/૦૮/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અંકિતભાઈ તેમજ આરોપી (૧) દુર્લભભાઇ રવજીભાઇ પટેલ (૨) તેજશભાઇ દુર્લભભાઇ પટેલ અને (૩) અરૂણાબહેન તેજશભાઇ પટેલ (તમામ રહે. પ્રિન્સ એપાર્ટમેન્ટ જજીસ બંગ્લા પાસે બોડકદેવ વસ્ત્રાપુર) નહેરૂનગર ચાર રસ્તા પાસે કોર્નર કોમ્પ્લેક્ષ "યુનિવર્સ એન્જીનિયરીંગ ક્લાસીસ" ખાતે સહ કર્મચારી હોઈ તા.૨૮/૦૭/૨૦૧૭ થી તા.૨૯/૦૩/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન આરોપીઓએ ભેગા મળી અંકિતભાઇ શાહને લોભામણી લાલચ આપી અલગ-અલગ કંપનીમાં પૈસા ઇનવેસ્ટ કરવાથી સારો પ્રોફીટ મળશે તેમ કહી લોભામણી લાલચ આપી અંકિતભાઈ શાહને પૈસાનુ રોકાણ કરાવી થોડો સમય સારો વ્યવહાર કરી વિશ્વાસમાં લઈ રૂપિયા ૩૬,૮૧,૫૦૦/- વધુ રોકાણ કરાવી, રોકાણ કરેલ તથા પ્રોફીટના નાણા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લીંબોલા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૨૧/૨૦૨૧</u>**

કાલુપુરઃ દેવાંગ કિરીટભાઇ સોની (રહે. કૌમુદી સોસાયટી વિભાગ-૨ જીવરાજ પાર્ક જલતરંગ વેજલપુર) એ તા.૨૦/૮/૨૦૨૧ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રતનપોળ મીર્ચી પોળ રાજગુરૂ ચેમ્બરમાં દેવાંગ સોનીની "દેવાંગ કે સોની" નામની દુકાન નંબર-૫૯ ખાતે કામ કરતા આરોપી પસનકુમાર મુરારીમોહન માજી (રહે. જસ એપાર્ટમેન્ટ ભાવના સોસાયટી ભુલાભાઇ પાર્ક કાંકરીયા) (મુળ વતન- નારદાંરી ઉત્તર પુરબાપરા નારાદરી નંદાકુમાર પુર્બો મેદીનીપુર વેસ્ટ બંગાલ) તા.૨૨/૦૭/૨૦૨૧ થી તા.૧૩/૦૮/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન દેવાંગ સોની પાસેથી સોનાના દાગીના બનાવવા માટે કુલ ૩૦૨.૫૬૦ ગ્રામ ૨૨ કેરેટનું સોનુ લઇ જઈ તેમાંથી ૨૫૬.૪૬૦ ગ્રામનાં દાગીનાં બનાવી આપી બાકીનુ ૪૬.૧૦૦ ગ્રામ સોનુ કિમત રૂપિયા ૨,૦૭,૪૫૦/- લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મછાર ચલાવે છે.

મણીનગરઃ અજયભાઇ ગુલાબચંદ ગુપ્તા (ઉ.વ.૨૦) (રહે. રામચાલી ગેટ નંબર-૧ ચાચર ડેરીની બાજુમાં મદ્રાસી મંદિર નજીક ખોખરા) એ તા.૨૦/૮/૨૦૨૧ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અજયભાઇ ગુપ્તા પાર્સલની ડિલીવરી કરતા હોઈ તા.૧૩/૦૮/૨૦૨૧ બપોરના ૧/૨૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન મણીનગર વિસ્તારમાં ડીલીવરી કરવા માટે નીકળેલ અને મણીનગર વિસ્તારમાં ભૈરવનાથ રોડ પર રાધનપુર સોસાયટીમાં આવેલ રાધે એપાર્ટમેન્ટ ખાતે પોતાની એક્ટીવા પાર્ક કરી ડીલીવરી કરવા ગયા હતા ત્યારે એક્ટીવા ઉપરથી અજાણી વ્યક્તિ ફ્લીપકાર્ટ કંપનીના પાર્સલ ભરેલ બેગ ચોરી કરી લઈ ગઈ હતી. જે બેગમાં ત્રણ મોબાઈલ ફોન, ત્રણ જોડી બુટ, ડ્રેસ, ટી-શર્ટ, પેન્ટ, સાડી, હોરલિક્સના ડબ્બા મળી કુલ કિમત રૂપિયા ૩૬,૩૯૬/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

વેજલપુરઃ કામીલભાઇ હાસીમભાઇ શેખ (રહે. અલ-અતાપાર્ક સોસાયટી આલ્ફા સોસાયટી પાસે ટોરન્ટ પાવર પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૧ રાતના ૨/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી કામીલ શેખનો મોબાઈલ ફોન તથા તેમના મિત્રોના મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.સી.પરમાર ચલાવે છે.

<u>ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૫૨૨/૨૦૨૧</u>**

રાણીપઃ રાણીપ અંધકલ્યાણ કેન્દ્ર સામે સંકલ્પ એપાર્ટમેન્ટ ખાતે રહેતા સત્યમ બ્રિજકિશોરસિહ રાજપુત નાઓની ચાર વર્ષની પુત્રી અવની તા.૨૦/૦૮/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટના ચોથા માળના ધાબા ઉપરથી રમતા-રમતા નિચે પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેને રાણીપ બલોલનગર વિનાયક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જયાં સારવાર દરમ્યાન તેનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભાવિનભાઇ મનસુખભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી